## માહાત્મ્ય દર્શન - પ.પૂ. રાજુભાઈ ભટ્ટ (તારદેવ)

પૂરું નામ : રાજેન્દ્ર હર્ષદરાય ભટ્ટ
પ્રાગટ્ય : ૨૮ ફેબ્રુઆરી, ૧૯૪૮
જન્મસ્થાન : મુંબઈ
પિતા : શ્રી હર્ષદરાય સદાશંકર ભટ્ટ (અ.નિ.)
માતા : શ્રીમતી ઈન્દુબેન ભટ્ટ (અ.નિ.)
અભ્યાસ : બી.એ., એલ.એલ.બી. (મુંબઈ)

**'આ રાજુ અમારો સહદેવ જોશી છે.'** - પ.પૂ. કાકાજી
**'રાજુભાઈ જેવા આ સાધક ભાઈઓ જંગમ મંદિર છે.'** - પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી

સુપ્રસિદ્ધ પૌરાણિક ગ્રંથ મહાભારતમાં પાંચ પાંડવોમાં **સહદેવ**નું પાત્ર વિશિષ્ટ હતું. ભવિષ્યમાં થનારી ઘટનાઓનો એને અગાઉથી ખ્યાલ આવી જતો. તેથી એના વર્તનમાં ક્યારેય આછકલાઈ, અધીરાઈ, ઉશ્કેરાટ વિ. જોવા મળતાં જ નહીં. તેને મળેલ આ વિશિષ્ટ વરદાન સાથે એક શરત પણ જોડાયેલ હતી કે કોઈ પૂછે નહીં ત્યાં સુધી ભવિષ્યમાં થનારી ઘટના વિષે કોઈને તે કહી શકે નહીં કે સલાહ પણ આપી શકે નહિ. પરાણે તટસ્થભાવ, સાક્ષીભાવ, ધીરજ ને સમતા તેણે રાખવા પડતા. મનમાં ને મનમાં એ છૂપો અજંપો પણ અનુભવતો હશે પરંતુ એ નિરૂપાય હતો. અને તેથી જ સહદેવને એ વરદાન ક્યારેક અભિશાપરૂપ લાગતું.

સહદેવને લાગતું એ અભિશાપિત વરદાન જેમના જીવનમાં એક વિશિષ્ટ આધ્યાત્મિક ગુણરૂપે ખીલ્યું છે, જે લાચારીથી નહીં પણ પૂર્ણ સ્વસ્થતા ને સભ્યતાથી પ્રસન્નચિત્તે ધીરજ, સમતા, નિર્માનીપણું, દાસત્વ ને વિશિષ્ટ સમજથી પોતાની સાધનાયાત્રા વર્ષોથી એકસરખી રીતે કોઈ પણ જાતના બાહ્ય ચમકાર, આડંબર કે આગવાપણાના સમજથી પોતાની સાધનાયાત્રા વર્ષોથી એકસરખી રીતે કોઈ પણ જાતના બાહ્ય ચમકાર, આડંબર કે આગવાપણાના છીછરા દેખાવ રહિત પૂરા વેગથી ચલાવી રહ્યા છે એ તારદેવ મંદિરના વડીલ સાધક મુક્તરાજ પૂ. રાજુભાઈ ભટ્ટના આ વિશિષ્ટ ગુણોને લીધે જ કાકાજીએ એમને 'સહદેવ જોષી'ની ઉપમા આપી હશે ને ?

પોતે વડીલ હોય, સામી વ્યક્તિ સાથે કોઈ પણ પ્રકારના દેખીતા સંપર્કમાં આવ્યા વગર તેને માટે સચોટ અભિપ્રાય આપી શકે એવી પ્રખર બુદ્ધિમત્તા હોય, પોતે જે કંઈ પણ કાર્ય કરે એના પરિણામનો પણ પૂરેપૂરો ખ્યાલ હોય ને તેમ છતાં પોતાથી વડીલ મુક્તો સાથે તો ઠીક પરન્તુ સમકક્ષ સાથી મુક્તો અને પોતાથી ઉંમર, સમજણ અને આધ્યાત્મિક દરજ્જામાં નાના મુક્તો પાસે પણ કેવળ શાંત જ રહી, સ્વસ્થ રહી તેમની હા એ હા કરવી, તેમની ક્યારેક અસંગત લાગતી ક્રિયાઓમાં પણ સહર્ષ ને સહજતાથી કેવળ નિર્દોષબુદ્ધિ ને દિવ્યભાવ જ રાખવો તે કેટલું કઠિન અને પીડાદાયી છે તેનો તો એવી કોઈ સમકક્ષ વ્યક્તિ હોય તેને જ ખ્યાલ આવે.

રાજુભાઈ પહેલેથી જ શાંત પણ જીવન પ્રત્યે ખૂબ જ ઉત્સાહી ને આનંદમય અભિગમ રાખનારા; તેથી જેવો યોગીજી મહારાજના દર્શન ને પ્રેમનો પ્રથમ સ્પર્શ પામ્યા ત્યારથી જાણે અંતર એમના તરફ ખેંચાવા લાગ્યું.

યોગીબાપાએ જે ચૈતન્ય ઉપર વિશિષ્ટ દ્દષ્ટિ કરી હોય તે કાકાશ્રીની નજરમાં તો આવી જ જાયને ? બાપાની જ ચૈતન્યના શિલ્પની ઝીણી કારીગરી આગળ વધારતા હોય તેમ કાકાશ્રીએ રાજુભાઈ પ્રત્યે એવા તો સ્નેહ ને વાત્સલ્ય વરસાવ્યા કે રાજુભાઈનો આત્મા એ દિવ્ય તાતની કરુણાથી ભીંજાઈ રહ્યો. પોતાનો જ્યેષ્ઠ સૌથી ડાહ્યો ને સમજુ દીકરો સત્સંગના રંગે રંગાય એ એમના પિતાશ્રીને ગમતું નહીં. રાજુભાઈને પાછા વાળવાના બધી જ પ્રકારના તમામ પ્રયત્નો કરવા છતાં રાજુભાઈ પોતાની ધ્યેયયાત્રામાં મક્કમ રહ્યા. કાકાશ્રીએ એમનું આંતરિક કલેવર એવું તો મજબૂત કરી દીધું હતું કે બહારથી ખૂબ જ ઋજુ ને નરમ સ્વભાવના રાજુભાઈમાં અપ્રતીમ આંતરિક હિમ્મત ને અડગતા આવી ગયાં. સંજોગો એવા નિર્માણ થતા કે રાજુભાઈને તારદેવ ઉપરાંત બીજી પણ જગ્યાઓએ રહેવા જવું પડ્યું પરન્તુ દરેક પરિસ્થિતિમાં જેમ સુવર્ણ અગ્નિમાંથી તપીને વધુ વિશુદ્ધ ને દીપ્તિમાન થાય તેમ રાજુભાઈ વધુ ને વધુ નિષ્ઠાવાન, તેજસ્વી ને ધ્યેયનિષ્ઠ થતા ગયા ને કાકાજી પણ છૂપી રીતે તેમના આ અનોખા સર્જનને જોઈ મલકતા રહ્યા. જાણે યોગીબાપાની યોજનામાં સામેલ થનાર કોઈ નરબંકાની આધ્યાત્મિક ક્રાંતિમાં પોતાને નિમિત્ત બનવાનું પરમ સૌભાગ્ય મળ્યું હોય એવા પરમ પરિતોષથી પ્રફુલ્લિત થતા ગયા.

૧૯૬૮ના અરસામાં અભ્યાસ પૂર્ણ કરી રાજુભાઈ તારદેવ રહેવા આવ્યા. શરૂઆતના એ સમયમાં કાકાશ્રી પાસે કાયમી સ્વરૂપે કોઈ સેવક ન હતા. ત્યારે પોતાની આગવી સમજથી રાજુભાઈ સેવા કરતા. કાકાશ્રીના વચને પ.ભ. ચંદ્રકાંતભાઈ દેસાઈની દવાની દુકાન 'પટેલ રૂબી એન્ડ કં.'માં અન્ય સત્સંગી મુક્તો સાથે ખૂબ ભક્તિ ને આનંદથી એ નોકરી કરી. પરિણામે પૂ. કાંતિકાકા, પૂ. ગોરધનકાકા, પૂ. ચંદ્રકાંતભાઈ વિ. વડીલ હરિભક્તોની પ્રસન્નતા પામ્યા. વળી પોતાના છૂપા રમૂજી ને આનંદી સ્વભાવથી સાથીદારો પૂ. પ્રફુલ્લભાઈ, પૂ. હરખચંદભાઈ, પૂ. અશ્વિનભાઈ, પ.ભ. ઘનશ્યામભાઈ અમીન, પ.ભ. સુરેશભાઈ ભાવસાર વિ. સાથે પણ ખૂબ ઓતપ્રોત થઈ ગયા ને એ પછી તો ૨-૩ વર્ષમાં જ પૂ. બાપુ, પૂ. રમેશભાઈ ને પૂ. રાજુભાઈ ઠક્કર તારદેવ આવ્યા બાદ તારદેવના જ મુખ્ય વડીલ સાધક ભાઈઓમાં પૂ. રાજુભાઈની ગણના થવા લાગી.

તેમનું ભણતર, બુદ્ધિમત્તા ને ખાસ તો ધીરજ, ચીવટ અને સામી વ્યક્તિ સાથે સમજીને કામ કરવાની આવડતને કારણે કાકાશ્રી પ્રકાશનની કપરી સેવાની ઘણી જવાબદારીઓ રાજુભાઈને સોંપતા. તે રીતે ઘણા લેખ, પુસ્તકો વિ. ના પ્રારંભિક લેખનથી માંડી, અંતિમ મુદ્રણ સુધીની સેવા રાજુભાઈએ ખૂબ જ નિષ્ઠાપૂર્વક અદા કરી.

રાજુભાઈની શૈક્ષણિક કારકીર્દી પૂર્ણ કર્યાને ૧૦ થી વધુ વર્ષ થઈ ગયા પછી કેવળ કાકાશ્રીના વચને ફરીથી વકીલાતનો અભ્યાસ શરૂ કર્યો ને તારદેવમાં રહીને જ શિબિર, સમૈયા, ઉત્સવ, ભજન, સેવા, નોકરી, હરિભક્તોની અવરજવર, જગ્યાનો ને સમયનો અભાવ, વિ. અનેકવિધ પ્રતિકૂળતાઓ હોવા છતાં અભ્યાસ પૂર્ણ કર્યો ને કાકાશ્રીની અંતરની પ્રસન્નતાના વિશિષ્ટ પાત્ર બની રહ્યા. કાકાશ્રીને વચને પિતાશ્રીને રાજી રાખવા તેમની ઓફિસે જતા પણ તેની પાછળ કોઈ પણ વ્યાવસાયિક ગણત્રી નહીં કે કોઈપણ આર્થિક નફા માટેની લાલચ પણ નહીં. કાકાશ્રી પણ તેમના અંતરની નિસ્પૃહિતાને બરોબર પિછાણતા હતા ને તેથી જ રાજુભાઈની આંતરિક સમતા, ધીરજ, સ્વસ્થતા, ઠરેલપણાના ગુણોને વારંવાર અન્ય મુક્તો આગળ સહર્ષ બિરદાવતા.

એ પછી લગભગ ૨-૩ વર્ષ બાદ પ.ભ. ગુલઝારીલાલ નંદાશ્રીએ કુરુક્ષેત્રમાં શરૂ કરેલ 'શ્રી કૃષ્ણા આયુર્વેદિક ફાર્મસી'નો કથળેલો કારભાર તેમના અત્યંત આગ્રહને વશ થઈ કાકાશ્રીએ પોતાને હસ્તક લીધો. પ્રારંભના વર્ષોમાં અન્ય મુક્તોને મોકલ્યા બાદ તેના કારભારમાં ધ્યાન આપવા રાજુભાઈને કુરુક્ષેત્ર મોકલ્યા. ફરીથી રાજુભાઈ માટે તદ્દન વિપરિત વાતાવરણમાં પોતાની પ્રકૃતિ ને રૂચિથી વિરુદ્ધ એવી જ

સેવા કરવાની આવી પરંતુ કેવળ કાકાજી પ્રત્યે જ નજર ને તેમની પ્રસન્નતાની જ અભીપ્સા જીવનમાં કેન્દ્રસ્થાને હોવાથી એટલી તો કુશળતા ને કોઠાસૂઝથી એ સેવા કરી કે કાકાશ્રી અંતરથી ખૂબ જ પ્રસન્ન થયા ને જાણે વિશિષ્ટ રાજીપો વરસી ગયો. એ અરસામાં અવારનવાર અંગત શિબિર કે જાહેર સભામાં કાકાશ્રી સહુ યુવકોને ઉદ્દેશી ઉલ્લેખ કરતા, **'આ રાજુની જેમ તમને સૂઝ પડવી જોઈએ. એની જેમ મૂર્તિમાં રહેતા શીખી જાવ. એણે અમારું ખૂબ શોભાડ્યું.'**

એક વખત ઉભરાટમાં આયોજિત શિબિરના એક સાંસ્કૃતિક સંવાદમાં ભાગ લેવા સ્વામીજીએ તારદેવથી યુવકો મોકલવા કાકાજી પાસે ઈચ્છા દર્શાવી. સંજોગવશાત્ અન્ય યુવકો અભ્યાસ અને વ્યવસાયમાં વ્યસ્ત હોવાથી રાજુભાઈને કાકાશ્રીએ ઉભરાટ મોકલ્યા. સ્વભાવે અંતર્મુખી એવા રાજુભાઈ માટે સંવાદમાં અભિનય કરવાનું કઠિન હોવા છતાં તેમણે એ સેવા ખૂબ સુંદર રીતે અદા કરી. ફળસ્વરૂપે કાકાજી અને સ્વામીજી ખૂબ રાજી થયા.

કાકાશ્રીના સ્વધામગમન પછી યોગી ડિવાઈન સોસાયટીની પ્રવૃત્તિઓ માટેની કાનૂની જવાબદારીઓ, હિસાબો, સ્થાનિક અધિકારીઓ સાથેની કાર્યવાહીઓ વગેરે ખૂબ જ ખંતપૂર્વક તેમણે સંભાળી લીધી. સાથોસાથ કેટલાય હરિભક્તોને કૌટુંબિક કે વ્યાવસાયિક પ્રશ્નોમાં જરૂરી એવી કાનૂની તથા અન્ય સલાહ પણ ખૂબ સૂઝપૂર્વક આપે. દરેક વખતે ભજન અને મોટાપુરૂષની પ્રસન્નતા જ અગ્રતાક્રમે રહે તેનો ખાસ ખ્યાલ રાખે.

છેલ્લા ૩-૪ વર્ષથી પવઈ મંદિરના નિર્માણ અંગે પણ જરૂરી કાર્યવાહીમાં પ્રતિકૂળ સ્વાસ્થ્ય હોવા છતાં અત્યંત પરિશ્રમ લઈ સેવા કરી. બધું જ સમજે, ખ્યાલ આવે, પોતે અનુમાન કર્યું હોય એ પ્રમાણે જ બને તેમ છતાં હંમેશાં સર્વત્ર દિવ્યભાવ જ પકડી રાખી આધ્યાત્મિક સમતાયુક્ત સ્થિતપ્રજ્ઞ રહેવાની તેમની રીતિનીતિ ખરેખર અદ્ભૂત છે.

તેઓ જવલ્લેજ બોલે પણ જે કહે તે ખરેખર સચોટ ને સૂત્રાત્મક જ હોય. મોટા પુરૂષના અંતરના હાર્દને સમજવાની તેમની આગવી સૂઝને કારણે વડીલ જયોતિર્ધરો પ.પૂ. ગુરુજી, પ.પૂ. દિનકરભાઈ, પ.પૂ. બાપુ, વિ. ને પણ તેમના પ્રત્યે વિશિષ્ટ આદર છે. સ્વભાવે શાંત ને ગંભીર હોવા છતાં, ઉંમર અને સમજણે વડીલ હોવા છતાં ગમે ત્યારે જરૂર દેખાય ત્યાં ઝાડુ વાળવાની કે વાસણો સાફ કરવાની સેવા કરવામાં પણ તેઓ જરાય ખચકાટ અનુભવતા નથી. જે તેમની આંતરિક વિનમ્રતાની સાક્ષી પૂરે છે.

**તા. ૨૮મી ફેબ્રુઆરીએ તેમના ૫૭મા પ્રાગટ્યદિને** ભગવાન સ્વામિનારાયણ તથા કાકાશ્રીને ચરણે આપણે પ્રાર્થીએ કે રાજુભાઈ જેવી આંતરિક સરળતા, નિર્દોષબુદ્ધિ, સમજણની સ્પષ્ટતા, ધીરજ, ઠરેલપણું, વિનમ્રતા, વિ. દિવ્ય ગુણો સહુને બક્ષિસમાં અર્પી તેમની આંતરિક પ્રસન્નતાના પાત્ર બનાવે.